# "ખેડૂતોના દેવા મુક્તિ બિલ / વિધેયક, 2017" નો સારાંશ

## કિસાન કરઝા મુક્તિ બિલ / વિધેયક, 2017

## ઝાંખી:

આ વિધેયક બે પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે: 1. દેવામાં તાત્કાલિક રાહત જેનો અર્થ હાલની લોનની માફી થાય છે, અને 2. ખેડૂતોના ઋણ રાહત કમિશનની સ્થાપના દ્વારા ભાવિ કરજના ફાંસાથી ખેડૂતોનું રક્ષણ કરવું.

તાત્કાલિક લોન માફી સરકાર દ્વારા સીધી અમલમાં મુકવામાં આવશે અને નહીં કે કમિશન દ્વારા. બૅન્ક લોનની માફી સિવાય, બિલમાં બિન-સંસ્થાકીય લોનથી ઋણ રાહતની પણ જોગવાઈનો સમાવેશ થાય છે. તાત્કાલિક ઋણ રાહતમાં, બિન-સંસ્થાકીય લોનને સંસ્થાકીય લોનમાં રૂપાંતરિત કરવાની યોગ્ય પ્રક્રિયા અનુસાર સરકાર દ્વારા ઋણ-વિનિમય અમલમાં મુકવામાં આવશે અને ત્યારબાદ બેંક લોન માટે લોન માફી આપવામાં આવશે.

ભવિષ્યમાં, ઋણ રાહત કમિશન પાસે સંકટગ્રસ્ત વિસ્તારો અને સંકટગ્રસ્ત પાક જાહેર કરવાની સત્તા, ઋણ-રાહત માટે કેટલાક પગલાં શરૂ કરવા માટે સત્તા, વધારાના વ્યાજ બોજ વિના ઋણ ફરીથી અનુસૂચી કરવા માટે, ચોક્કસ લોન માફી ભલામણ કરવા માટે, કેટલીક લોન માફી ભલામણ કરવા માટે, ઋણ-વિનિમય આદેશ આપવા માટે અને ત્રણ વર્ષ માટે દેવાની વસૂલાત રોકવા માટે અધિકાર છે.

આ બિલમાં રાજ્યો માટે રાજ્ય-સ્તરનું કૃષિ ઋણ રાહત કમિશન બનાવવા માટે એક આદર્શ એક્ટની જોગવાઈ છે, જે સહકારી બેન્કો અને બિન-સંસ્થાકીય સ્રોતો સહિતના તમામ સ્રોતોમાંથી ઋણ રાહતને નિયંત્રિત કરી શકે છે. તે મિલકતની ટાંચ / હરાજી માટે કડક પગલાંને નિયમબદ્ધ કરવા માંગે છે.

ભવિષ્યની દેવાદારીમાં ઘટાડો કરવામાં માટે, બિલમાં અસરકારક પાક વીમો, આપત્તિ રાહત અને ઓછા ખર્ચે ટકાઉ ખેતી પરની વિશેષતાઓ સામેલ છે.

***દેવાદાર ખેડૂતોને તાત્કાલિક ઋણ માફી આપવા અને એવા ખેડૂતો કે જેઓ દેવાદારીને કારણે તકલીફમાં હોય, તેવા ખેડૂતોને સતત રાહત આપવા, ચુકાદો આપવા અને દેવાદાર ખેડૂતો અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુસંગિક બાબતોની સમસ્યાઓના નિવારણના યોગ્ય પગલાંની ભલામણ કરવા અને તે માટેની સત્તા સાથેના કમિશનની રચના કરવાની જોગવાઈ કરતુ એક વિધેયક.***

## પ્રકરણ I: મુખ્ય વ્યાખ્યાઓ

1. "કૃષિ"માં બાગાયત, ઔષધીય વનસ્પતિઓ, પાક અને આંતરકાર્ય, ફળો, શાકભાજીની ખેતી કરવી અને ઉગાડવા, દૂધનું ઉત્પાદન, નાના જંગલ પેદાશોનું એકત્રિકરણ, ફૂલો, ઘાસ, ઘાસચારો, ઝાડ અથવા માટીની કોઈપણ પ્રકારની ખેતી, નર્સરીનું આયોજન કરવું, માછલીના મસેલ, મધમાખીઓ, રેશમનાં કીડમ, મરઘા,

બતક, ઢોર અથવા ડુક્કર સહિત ખેતી અને જમીનના વપરાશ માટે કૃષિ સંબંધી પ્રવૃત્તિઓ અથવા અન્ય કૃષિ હેતુઓ માટે જમીનના ઉપયોગનો સમાવેશ થાય છે.

"ખેડૂત" નો અર્થ છે કે એક વ્યક્તિ જે પાક ઉગાડવાની આર્થિક અને / અથવા આજીવિકા પ્રવૃત્તિમાં સંકળાયેલી છે, અથવા જમીનની માલિકી સાથે અથવા માલિકી વગર અન્ય પ્રાથમિક કૃષિ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે, અને તે તમામ કૃષિ સંચાલન ધારકો, ખેડૂતો, કૃષિ મજૂરો, ખેત પેદાશમાં ભાગીદારો, ગણોતિયા, મરઘા અને પશુપાલકો, માછીમારો, મધમાખી પાલકો, પશુપાલકો, બિન-કોર્પોરેટ ખેડૂતો અને રોપણી મજૂરો તેમજ જંગલ સંગ્રાહકો, સામૂહિક માલિકીની અથવા ભાડાપટ્ટે જમીન પર વાવેતર કરતા સ્વાવલંબન જૂથોનો સમાવેશ થાય છે.

"દેવું" એટલે ખેડૂતની, સુરક્ષિત અથવા અસુરક્ષિત, આ અધિનિયમની શરૂઆતથી અથવા તે પહેલાંની કોઈ પણ જવાબદારી અથવા રાજ્યના કોઇ ખાસ દુષ્કાળગ્રસ્ત વિસ્તારના સંદર્ભમાં, સરકાર દ્વારા ગેઝેટમાં જાહેરનામાથી સ્પષ્ટ કરે કે કરાર હેઠળ, અથવા કોઈ કોર્ટ અથવા પંચનું હુકમનામુ અથવા આદેશ હેઠળ અથવા અન્યથા અને સંસ્થાકીય લેણદાર અથવા ખાનગી લેણદારને ચૂકવવાપાત્ર કોઈપણ રકમનો સમાવેશ થાય છે; પરંતુ ખેડૂત દ્વારા વ્યાપારી હેતુ માટે અથવા તેની / તેણીની આવક વધારવા માટે કૃષિ સંબંધિત વ્યાપારિક હેતુઓ સિવાયની વિલાસ વૈભવ માટેની અન્ય કોઈ પણ લોનની રકમનો સમાવેશ થતો નથી.

## પ્રકરણ II: તાત્કાલિક ઋણ રાહત

- દરેક ખેડૂત 20 નવેમ્બર, 2017 ના રોજ સંપૂર્ણ બાકી સંસ્થાકીય દેવાની તાત્કાલિક બિનશરતી માફી માટે હકદાર છે
- લોન માફી એક હપતામાં અમલમાં આવશે. આગામી સિઝનમાં તમામ ખેડૂતોને, લોન માફીના અમલીકરણની અસર વિના, તાજી લોન આપવામાં આવશે.
- ઋણ વિનિમય યોજના સરકાર દ્વારા બિન-સંસ્થાકીય દેવા સાથેના ખેડૂતો માટે સંસ્થાકીય લોનમાં રૂપાંતરિત કરીને અમલમાં મૂકવામાં આવશે,
- ઋણ વિનિમય થયા પછી બાકી સંસ્થાકીય લોન સરકાર દ્વારા માફ કરવામાં આવશે.
- ખેડૂતો જેમણે અગાઉનાં નાણાકીય વર્ષથી કટ-ઑફ ગાળા સુધી સંસ્થાકીય દેવું ચૂકવ્યું છે તેઓ તેમના ખાતામાં, ઉગાડવામાં આવેલાં પાક માટે નાણાભંડોળની રકમ સાથે જમા કરાવશે.

## પ્રકરણ III: ખેડૂતોનું ઋણ રાહત કમિશન

- રાષ્ટ્રીય ખેડૂતોના ઋણ રાહત કમિશનમાં નિવૃત્ત સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની અધ્યક્ષતામાં, 2 ન્યાયમૂર્તિઓ, 4 ખેડૂત પ્રતિનિધિઓ, 2 નિષ્ણાતો અને આર્થિક / સહકારી ક્ષેત્રના 1 સભ્ય સાથે 9 સભ્યોનો સમાવેશ થાય છે. કમિશનની મુદત 5 વર્ષ છે, જે ત્યારબાદ વધારી શકાય તેવી છે.

- તે અમલીકરણ સંબંધિત ખેડૂતોની ફરિયાદો પ્રાપ્ત કરશે અને કેસોના ઉકેલ લાવવા માટે આદેશો કરશે અને સરકાર દ્વારા અનુસરવાની કાર્યવાહીઓ સ્પષ્ટ કરશે.

- ભવિષ્યના વર્ષોમાં, કમિશન કોઈ ખાસ જિલ્લો અથવા જીલ્લાનો ભાગ આપત્તિ-અસરગ્રસ્ત વિસ્તાર તરીકે, અથવા ખાસ પાક આપત્તિ-અસરગ્રસ્ત તરીકે જાહેર કરી શકે છે. કમિશન દ્વારા મેળવી શકાય તેવા જરૂરી નિષ્ણાતો દ્વારા યોગ્ય પૂછપરછ કર્યા પછી આ સ્વયં અથવા અરજી પર આધારિત હોઈ શકે છે.

- જાહેર થયેલા આપત્તિ-અસરગ્રસ્ત વિસ્તારો અને પાકમાં, કમિશન સરકાર દ્વારા ઋણ રાહત મંજૂર કરવાની ભલામણ કરશે, જેમાં અસરગ્રસ્ત ખેડૂતોના સમગ્ર કે આંશિક બેંકો તેમજ બિન-સંસ્થાકીય સ્ત્રોતો પાસેથી લીધેલ ઋણ સમાવેશ  થાય છે.

- જાહેર થયેલ આપત્તિ-અસરગ્રસ્ત વિસ્તારો અને પાકમાં, કમિશન (a) ટૂંકા ગાળાની લોનને મધ્યમ-ગાળામાં અને મધ્યમ-ગાળાની લોનને લાંબા ગાળાની  લોનમાં પુનઃનિર્ધારિત કરવા,  (b) કેટલીક લોનની માફીની ભલામણ કરવા, (c)  ખેડૂત તૈયાર હોય તો લોનની એક-સમયની પતાવટની કરવા, (d) દંડનીય વ્યાજ  અથવા સમગ્ર વ્યાજ માફ કરવા હુકમ કરી શકે છે.

- કમિશન ખેડૂતોના દેવા અંગેની બાબતોની વિચારણા માટે આપત્તિ અસરગ્રસ્ત વિસ્તારોમાં નાની ખંડ પીઠો તરીકે બેઠક યોજશે.

- બિન-સંસ્થાકીય સ્રોતોમાંથી લોનના કિસ્સામાં, કમિશન;

* વાજબી વ્યાજ દર નક્કી કરે; કમિશન દ્વારા પસાર થયેલા ચુકાદા મુજબ

  સરકાર દ્વારા વ્યાજ પણ ચૂકવવામાં આવશે.

* 3 વર્ષથી વધુ ન હોય તેવી અવધિ માટે ખેડૂતોના પાકના નુકશાનના પ્રકારના  આધારે ખેડૂતોના બધા દેવાની ચુકવણી મુલતવી રાખે.

* બિન-સંસ્થાકીય દેવાને સંસ્થાકીય દેવામાં રૂપાંતર કરવા ઋણ-વિનિમયના અમલ માટે હુકમ કરે.

- કમિશન વ્યક્તિગત દુઃખી ખેડૂતો પાસેથી વ્યાપારી બેંકો સાથેના દેવાના મુદ્દા વિશે અરજીઓ મેળવી શકે છે અને ખેડૂતોને રાહત આપવા માટે હુકમ પસાર કરી શકે છે

- જ્યારે આપત્તિગ્રસ્ત વિસ્તાર અથવા પાક જાહેર કરવામાં આવે છે, ત્યારે ખેડૂત સામે દેવાની વસૂલાત માટે કોઈ દાવો કરી શકાતો નથી.

- કમિશન પાસે દેવાદાર-ખેડૂતો સામે કોઇ પણ સખત પગલા, અથવા તેમનો નામોલ્લેખ અને તેમને લજ્જિત કરતા અટકાવવાની સત્તા હશે.

- તે નક્કી કરવામાં આવેલ છે કે જો ખેડૂતે મૂળ રકમ અને વ્યાજ પેટે મૂળ રકમ જેટલી રકમ ભરપાઈ કરી છે  તો દેવું વિસર્જિત થયેલું ગણવામાં આવશે.

- કમિશનના હુકમ / ચુકાદા મુજબ, દેવું અથવા વ્યાજ અથવા એક વખતની પતાવટ અથવા લોન પુનઃનિર્ધારિત વગેરેની બાબતે અન્ય ચુકાદાના કારણે કે માફ કરવામાં આવેલ છે તે સરકાર ભોગવશે.

**<u>પ્રકરણ IV:</u>** **<u>કેન્દ્ર સરકારની જવાબદારીઓ</u>**

- કેન્દ્ર સરકાર તાત્કાલિક ઋણ રાહત માટે જરૂરી નાણાંકીય ખર્ચ પૂરુ પાડશે તેમજ ઋણ રાહત કમિશનના ચુકાદાઓ, હુકમો અને ભલામણો અમલમાં મૂકશે.

- સરકાર અમુક પ્રકારની મિલકતની શ્રેણીઓને લેણદારો દ્વારા ટાંચ અથવા હરાજીમાંથી મુક્ત સૂચિત કરશે.

- કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો માટે એક આદર્શ કાયદો કરશે, જે સહકારી બેન્કો અને બિન-સંસ્થાકીય લેણદારો સહિત તમામ ઋણ રાહત બાબતોને હાથ ધરવા માટે, રાજ્ય કક્ષાનું ખેડૂત ઋણ રાહત કમિશન બનાવશે.

- વિનાશક ઋતુઓ / વર્ષોમાં ખેડૂતો દેવાના છટકાંમાં ન આવે તેની ખાતરી કરવા માટે સરકાર પર્યાપ્ત અને અસરકારક આપત્તિ રાહત અને પાક વીમા યોજનાઓનું અમલીકરણ કરશે.

- કરજદારી ઘટાડવા માટે સરકાર મોટા પ્રમાણમાં પરિસ્થિતિ વિષયક (ઇકોલોજીકલ) કૃષિને પ્રોત્સાહન આપશે.

- સંસ્થાકીય ધિરાણ ક્ષેત્રમાં હાંસિયામાં ધકેલાયેલા અને વાસ્તવિક ખેડૂતોને લાભ મળે તેની ખાતરી કરવા માટે સરકાર અગ્રતા ક્ષેત્રના ધિરાણ ધોરણોમાં સુધારો કરશે.